સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

લપોડના નવા બણગે, રોજ ઉગે છે સવાર!
ને નેતાઓની નવાં નાંકે, રોજ ઉગે છે સવાર!
ઉગે સવાર નિઃસહાય વિધવાઓના નિશ્વાસે
શહીદોનાં લોહીથી રંગી રોજ ઉગે છે સવાર

હાઈકુ

હે કુંભકર્ણો!
તમને થયું છે શું ?
હવે તો જાગો!!
(ખૂબ ખાયકી થઈ ગઈ!)

ભરાયો ઘડો
હલે ના પેટે પાણી
નિષ્ઠુર નેતા !

ચિંતન

મધુકર સરિસ સંત ગુનગ્રાહી ।

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

ભમરો ગુલાબના ફુલ ઉપર આવે તો તેને કાટામાંથી કંઈ નથી લેવાનું, એને ફુલમાંથી રસ લેવાનો છે. એમ જ્યાં જ્યાં શુભ પડ્યું છે એને ગ્રહણ માટે સદા સ્વીકારની ભાવના રાખવી. અયોધ્યા ગમે તેટલી મહાન હોય પણ ત્યાંય મંથરા હોય અને લંકા ગમે તેટલી ખરાબ હોય પણ ત્યાંય કોઈ વિભીષણ હોય.

કોઈ વ્યક્તિ ખરાબમાં ખરાબ સમાજની દૃષ્ટિએ અથવા આપણા આગ્રહોની દૃષ્ટિએ, આપણા પૂર્વગ્રહોને લીધે આપણે અમુક બનાવેલી ગ્રંથીઓ ને લીધે કોઈને આપણે ખરાબ ચીતરી દઈએ પણ વિવેકબુદ્ધિથી વિચારીએ તો એમાંય શુભતત્ત્વ સાંપડે અને કોઈને આપણે અહોભાવથી માની બેઠા હોઈએ કે આ તો બહુ ઉત્તમ વ્યક્તિ હશે, તો એમાંય ક્યાંક મંથરાપણું પડ્યું હોય છે. આથી વિવેકપૂર્વક આગળ વધવું જ શાણપણ ગણાવાય છે.

સુવિચાર

- જ્ઞાન હી આપકો હક દિલા સકતા હૈ, સીખના બંધ, તો જીતના બંધ - **જય વસાવડા**
- તમે માગો છો છતાં તમને નથી મળતું તો તેનું કારણ એ છે કે તમે કોઈ ગલત માંગણી કરી રહ્યા છો - **બાઈબલ**
- આપણે બધા રહીએ છીએ તો એક જ આકાશ નીચે, પરંતુ દરેકની ક્ષિતિજ જુદી જુદી હોય છે - **હરિષ જોષી**
- વીતેલી ગઈકાલની ચર્ચાઓનો કોઈ અર્થ નથી, અગત્યનું એ છે કે આવતીકાલનું ઘડતર કરવું - **સદ્‌ગુરુ**
- તૃપ્ત થવું એટલે સંપૂર્ણ થવું, પૂર્ણ થવાની શોધ, એટલે જે છે એનાથી વેગળા થવાની ક્રિયા - **બોધિવૃક્ષ**
- આપણે બીજા કરતાં નહીં પણ પોતાના ભૂતકાળ કરતાં વધુ સારા થવાની ઈચ્છા કેળવવા જેવી છે - **જય વસાવડા**
- આજનું ઔષધ : મધ, તલનું તેલ, અથવા ઓલિવ ઓઈલ, મુલતાની માટી મિક્સ કરી ચહેરા પર ૧૦ મિનિટ લગાવી રાખી ધોઈ નાખવાથી ફેસપેકનું કામ કરે છે. *(સંકલન : દિપક વી. આશરા)*

બોધકથા

સંત પાસે બે મિત્રો ગયા. એક મિત્રએ બહુ પાપ કરેલા. બીજા મિત્રએ પાપ તો કરેલા, પણ તે માનતો હતો કે પોતે તો નાના-નાનાં પાપ કર્યા છે. એટલે એ હળવાસમાં હસો.

પહેલા મિત્રએ સંતને કહ્યું, 'મેં બહુ પાપ કર્યા છે આમાંથી મુક્તિ કઈ રીતે મળે ? આનું કંઈક ઉપાય કે પ્રાયશ્ચિત બતાવો.' બીજા મિત્રએ કહ્યું, 'મેં પાપ કર્યા છે, પણ નાનાં - નાના પાપ છે. અને મને કંઈ આ મિત્ર જેટલો જ બોજ નથી. છતાં કંઈ ઉપાય બતાવો તો અમે બેવ કંઈક હળવાસ અનુભવીએ.'

સંતે પહેલાને પૂછ્યું, 'તમે બહુ મોટું પાપ કર્યું છે ને...!!' તો જા જેટલું પાપ કર્યું હોય એટલો વજનદાર પથ્થર લઈ આવ. બીજાને કહ્યું, 'તેં તો નાના-નાના પાપ કર્યા છે એટલે તું એ પ્રણામે નાના-નાના પથ્થર લઈ આવ.' બેવ પોતાની રીતે પથ્થરની શોધમાં નીકળ્યા. પહેલા મિત્રને થયું કે મારા પાપ તો બહુ ઓછા છે એટલે એક મોટો વજનદાર પત્થર માંડ ઉપાડી ને લાવ્યો અને સંત સમક્ષ મૂક્યો, બીજા મિત્રએ કરેલા નાના-નાના કપટ, ઈર્ષા, દંભ એટલે એમે ઝીણા અને મધ્યમ કાંકરા ભેગા કરી સંત સમક્ષ મૂક્યા. સંતે નિરીક્ષણ કરી પહેલાને કહ્યું, 'આ પથ્થર જયાંથી લીધો છે ત્યાં મૂકી આવ એટલે તારું પ્રાયશ્ચિત પૂરું.' અને બીજાને પણ કહ્યું, 'જયાંથી કાંકરા વિણ્યા છે ત્યાં પરત મૂકી આવો.' પહેલો મિત્ર રાજી થઈ ગયો અને પણ બીજાએ કહ્યું, 'મહારાજ આ કાંકરા મેં કયાં કયાં થી વિણ્યા એ જગ્યા કયાંથી શોધવી ??' સંતે બીજાને સમજાવતા કહ્યું, 'ભાઈ તારો પત્તો નહીં ખાય.'

નાના કપટ, દંભ અને પ્રપંચને આપણે નાના કાંકરા માનીએ છીએ પણ હકીકતે આવા દુર્ગુણોનો બોજ બહુ મોટો હોય છે.

સરકારી તપાસ વિશ્વસનીય બનેલી રહેવી જોઈએ

તંત્રીસ્થાનેથી...

પાટણની કમનસીબ અગ્નિસ્નાન ઘટનાએ ગુજરાત અને દેશ આખામાં દલિતો પ્રત્યેના સરકારી વ્યવહારનું બિહામણું સ્વરુપ પ્રગટ કરી દીધું છે. ભાનુપ્રસાદ વણકરે દલિત સમાજના અધિકારો માટે મોરચો માંડ્યો હતો. એમના અંગત પ્રશ્ન માટે એમણે અગ્નિસ્નાન જેવું આત્યંતિક પગલું નહોતું ભર્યું. પારકી છઠ્ઠીના જાગતલ એવા આ કર્મશીલ પોતે તલાટી જેવી મહેસૂલ ખાતાની નોકરી કરી ચૂક્યા હતા. આથી સરકાર દલિતોને કાગળ ઉપર ફાળવાયેલ જમીન વાસ્તવિક રીતે પણ ફાળવી આપે એ મુદ્દે લડત આપવા માટેની પૂરતી સમજણ અને ભૂમિકા સાથે તેઓ મેદાને પડ્યા હતા. આ બધી બાબતોની છેક મુખ્યમંત્રી કાર્યાલય સુધીની તંત્રની સાંકળનો એકેએક અંકોડો એમણે ટપારી જોયો હતો. એમના બલિદાનથી દલિત સમાજને વધુ એક વીરમાયા જેવો ભડવીર સાંપડ્યો છે. હવે જયારે સરકારે દલિત સમાજ અને શહીદ ભાનુપ્રસાદ વણકરના પરિવારની તમામ માગણીઓ માન્ય રાખી એમના અગ્નિસ્નાન મુદ્દે તપાસ સમિતિની જાહેરાત કરી છે ત્યારે સ્વાભાવિક રીતે જ દલિત સમાજને એ 'સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ' પાસે ન્યાયપૂર્ણ અહેવાલની અપેક્ષા રહેશે. માણસના જીવનથી વધારે મૂલ્યવાન બીજું કંઈ જ ન હોઈ શકે. અહીં એક સક્રિય કર્મશીલની જિંદગી સેંકડો માણસોની નજર સામે જ ભડભડ સળગી ચૂકી છે. અધિકારીઓ અને નાગરિકોની હાજરીમાં ભાનુપ્રસાદ વણકરે એમના આત્મવિલોપનના સંકલ્પનો અમલ કર્યો હોય ત્યારે સ્વાભાવિક રીતે જ એ ઘટના અટકાવી કેમ ન શકાઈ તે પ્રશ્ન રહેવાનો જ. અગાઉથી ચેતવણી કે ધમકી જે કંઈ કહો તે 'સળગી મરનાર શખ્સ' દ્વારા ખુલ્લંખુલ્લી રીતે અપાઈ હતી. પોલીસ શું આ ઘટનાને માત્ર તમાશો માની બેઠી હતી ? જો એમ ન હોય તો ભાનુપ્રસાદ વણકર એમના અગ્નિસ્નાનની કીટ સાથે સ્થળ ઉપર આવ્યા ત્યારે જ અથવા એના આગલા દિવસે એમને કસ્ટડીમાં કેમ ન લેવાયા ? મતલબ કે તંત્ર આ પ્રકારની ધમકીને માત્ર 'ગીદડ ધમકી' માનીને જ ચાલ્યું છે. ધમકી આપનાર વ્યક્તિના મનોબળ વિશે એને પહેલાંથી જ શંકા હતી. એમ ન હોત તો તંત્ર વેળાસર સક્રિય બન્યું હોત અને આ કમનસીબ ઘટના અટકાવી શકાઈ હોત. ભાનુ પ્રસાદ વણકરના અગ્નિસ્નાન વખતે પોલીસે ફાયર એક્સટિંગ્વિસર (અગ્નિશામક)થી આગ હોલવવાનો પ્રયાસ કરાયો. શું પોલીસ નથી જાણતી કે અગ્નિશામક યંત્ર કાર્બન ડાયોકસાઈડ જેવા ઝેરી ગેસ દ્વારા આગ હોલવતું હોય છે ? ભડ ભડ સળગી રહેલા માનવદેહ પર કાર્બન ડાયોકસાઈડનો મારો કરવાથી એની જીવિત રહેવાની શક્યતા પર જ પૂર્ણવિરામ મુકાઈ જાય, કારણ કે જીવવા માટે તો કોઈ પણ જીવને ઑક્સિજન જોઈતો હોય છે. સળગતા મકાન કે સામાનને બળકો અટકાવવા કાર્બન ડાયોકસાઈડ જરૂરી છે, પણ સળગતા માનવદેહને તો પાણીથી જ ઓલવવો જોઈએ. શું તંત્રને આ પ્રકારની વૈજ્ઞાનિક માહિતી જ નથી અપાતી ? હવે જયારે નિવૃત્ત સરકારી અધિકારીઓ મારફત જ આ બધી બાબતોની તપાસ થવાની હોય તો એ વિશ્વસનીય બની રહે તે જરૂરી છે.

હરિલાલ ગાંધી વિષે કેટલીક વાતો

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

બેરિસ્ટર ન બની શકવાની બગાવત બાપુ સામે આજીવન રહી

મહાત્મા ગાંધી સામે ગોરા શાસકોને તો વિરોધ હોય પણ તેમના સૌથી મોટા પુત્ર હરિલાલને પણ સજજડ વિરોધ હતો. એક સમયે દક્ષિણ આફ્રિકાની ધરતી પર રંગભેદ નીતિ સામેની લડતનો અગ્રેસર એવો જયેષ્ઠ ગાંધી પુત્ર આજીવન બાપનો વિરોધી જ હ્યો. ગાંધી બાપુની આબરુ ઓછી કરવાના આશયે તેમણે મુસ્લિમ ધર્મ પણ અંગિકાર કર્યો હતો. ગાંધીના જીવન-કવનમાં ખુદ તેમનો પુત્ર એક નિંદીત પાત્ર તરીકે રહ્યો હતો એ એક કાળી બાજુ ગણી શકાય. ઈંગ્લેન્ડમાં બેરિસ્ટરનું ભણવા માટે એક ભારતીય સદ્‌ગૃહસ્થે શિષ્યવૃત્તિ જાહેર કરી હતી. એ શિષ્ય વૃત્તિ પોતાને મળે અને પિતાના પગલે હું પણ બેરિસ્ટર બનું એવી હરિલાલની મહેચ્છા હતી. પણ પિતા મોહનદાસે એ ઈચ્છા પર પાણી ફેરવી દીધું હતું. જે સદ્‌ગૃહસ્થે શિષ્યવૃત્તિ જાહેર કરી હતી. તેમણે હિંદુસ્તાનના કોઈ પણ યુવાન માટે જાહેર કરી હતી. પોતાના પુત્ર તરીકે જો તેનો લાભ લેવામાં આવે તો એ અયોગ્ય ગણાય એ આશયે તેમણે હરિલાલને આવો લાભ ના આપી શકાય તેવો મત વ્યક્ત કર્યો હતો.

ગાંધીજીએ પોતાની તમામ મૂડી મિલ્કત સ્વરાજ પ્રાપ્તિ માટે સમાજ ચરણે ધરી દીધી હતી. એટલે ગાંધીજી પોતાના પુત્ર હરિલાલને જો શિષ્યવૃત્તિનો લાભ આપવા દે તો એ 'કોમ'ના નેતા તરીકેનો લાભ ગણાય. સ્વાભાવિક છે કે ગાંધી આજકાલ નેતાઓ જેવા નેતા તો હતા જ નહી. પોતાના પુત્રો પોતાની રીતે પગભર થાય અને બાપનું નામ કે બાપાના જોરે કોઈ પણ લાભ લેવાનું તેમને રુચે જ નહીં. હરિલાલ આ એક જ 'બેરિસ્ટર' નહીં બની શકવાનું પોતાનું સપનું પૂર્ણ થવાના આડે ખુદ પોતાના બાપ જ નડતર બન્યા એવું માનતા હતા. બાપુ અને તેમની વચ્ચે આ એક જ ઘટના આજીવન અંતર બનાવી ગઈ. જાણીતા લેખક દિનકર જોષીએ હરિલા ગાંધીના આત્મકથનને શબ્દદેહ આપ્યો છે. 'પ્રકાશનો પડછાયો' નામના આ પુસ્તકમાં તેઓ ઉલ્લેખ કર્યો છે કે હરિલાલનો બાપુ વિરોધ એટલો સખત્ હતો કે તેઓ કહેતા કે 'બાપુ તમે કીડીના માટે અમારા મોઢામાંથી ઝૂંટવ્યું છે.' 'બા, બાપુ ઔર ભાઈ' નામની નાનકડી પુસ્તિકમાં દેવદાસ ગાંધી પણ એવો ઉલ્લેખ કરે છે કે સમાજસેવામાં જોડાઈ ગયેલા ગાંધી બાપુના 'પ્રયોગો' થી ભરેલા જીવન સામે હરિલાલભાઈએ વિદ્રોહ કરી દીધો હતો. અને ઘર છોડીને જતા રહ્યા હતા.

સામાજિક વિજ્ઞાનોમાં મોખરાનું સ્થાન ધરાવતા સમાજશાસ્ત્રમાં વ્યક્તિના ઘડતરમાં સામાજિકરણને મહત્વનું ગણવામાં આવે છે. એ દૃષ્ટિએ જો ચકાસણી કરીએ તો મહાત્મા ગાંધીના ચાર પુત્રો પૈકીના આ સૌથી મોટા પુત્રોના સામાજિકરણની ખામી રહી ગઈ હોય એમ કોઈ પણ માણસ કહી શકે. પણ હરિલાલ ગાંધી વિશે આવી વાત કરવીએ પણ ઉપરછલ્લી વાત ગણાય એવી સ્થિતિ જોવા મળે છે. અન્ય પુત્રો રામલાલ, મણિલાલ અને દેવદાસની જેમ હરિલાલ પણ ગાંધીના જ પગલે ચાલે એવા વિવિધ ઘટનાઓ અને પ્રસંગોના આધારે કહી શકાય તેમ છે. ૧૮૮૦માં જન્મેલા હરિલાલભાઈ ગાંધીના અવસાન પછી પાંચ મહિના બાદ ૧૯૪૮માં અવસાન પામ્યા. ૧૯૧૦ પછી ગાંધીજી સાથે તેમણે રહેવાનું છોડી દીધું પછી આખી જિંદગી સતત રઝળપાટ તેમણે અંતિમ શ્વાસ સુધી કરી. દેવદાસ ગાંધીના શબ્દોમાં કહું તો છેલ્લા ૩૮ વર્ષ દરમિયાન હરિલાલભાઈ બાપુ પાસે ક્યારેય ન આવ્યા. મૃત્યુએ જ છેવટે બંનેનો મિલાપ કરાવી આપ્યો.

ગાંધી પુત્ર હરિલાલે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહીના રુપે છ-છ મહિનાનો કારાવાસ બે વાર ભોગવ્યો હતો. દ. આફ્રિકા અને ભારતના જેલવાસ વચ્ચે યાતનાઓની ગણતરી કરવામાં આવે તો એમ ગણાય કે દ. આફ્રિકાનો બે સપ્તાહનો જેલવાલ એટલે આવ સ્થિતિમાં છતાં હરિલાલભાઈએ યુવાવસ્થામાં સત્યાગ્રહમાં અભિન્ન રીતે જોડાયેલા રહ્યા હતા. અરે ગાંધીજીની ગેરહાજરીમાં તેઓ અંગ્રેજ સરકાર સામે શાંત અને અહિંસક લડતની આગેવાની લેતા હતા. આવા હરિલાલ બહુ થોડા વર્ષોમાં મન અને શરીર બંને રીતે બાપુથી દૂર અલગ જતા રહ્યા હતા. બાપુની સામે બગાવત છતાં જયારે જયારે પરિવારમાં તેમની હાજરી આવશ્યક જણાઈ હોય ત્યારે એ અચૂક હાજર થઈ જતા હતા. ગાંધીના હરિલાલની વધુ વિગતે વાતો આવતા સપ્તાહે...

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

ફાગમાં કાગની મહેક : કવિ દુલા ભાયા કાગનું પાવક સ્મરણ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

વસંતના વાસંતી માહોલના રૂપાળા દિવસો ચાલે છે. કુદરતની દરેક ઋતુના રળિયામણા રંગો હોય છે. દરેક ઋતુને પોતાનો આગવો મીજાજ હોય છે. પરંતુ પ્રકૃતિનું કોઈ એક સ્વરૂપ સ્થાયી નથી. સ્થાયીપણાનું બંધન જાણેકે પ્રકૃતિને સદતુજ નથી. પ્રકૃતિના રંગ નિત્ય બદલાતા રહે છ. સૃષ્ટિમાં નિરંતર ચાલતા આવા અસ્થાયી પ્રવાહો વચ્ચે આપણે કાળા માથાના માનવીઓ સ્થાયી થવાના સતત પ્રયાસો કરતા રહીએ છીએ. વ્યવસાય કે નોકરીમાં સ્થાયીપણું જ આપણને ખપે છે. કુટુંબમાં આપણું પ્રભુત્વ તો સ્થાયીજ હોવું પસંદ કરીએ છીએ. આ ઉપરાંત સામાજિક પ્રતિષ્ઠા ? અરે એ તો સ્થાયી રહે તોજ જીવ્યાનો વટ માનીએ અને મનાવતા રહીએ છીએ. સ્થાયીપણાના આ વળગણમાંથી બંધિયારપણાનો જન્મ કાળક્રમે થાય છે. આપણાં આ સાંકડા વર્તુળમાંજ જાણે આપણું ઈતિશ્રી જોતાં થઈ જઈએ છીએ. કોઈ નદીને કિનારાનું વળગણ થતું જાણ્યુ નથી. કોઈ પર્ણને વૃક્ષનું વળગણ છોડવામાં લાગી આવતું નથી. યાયાવર પક્ષીઓને ઘરથી દૂર બીજું ઘર બનાવવામાં પણ કશું અજાણ્યું કે પારકું લાગતું નથી. તો પછી આપણામાંના ઘણાને આપણી આ આસપાસના સાંકડા જગતનો આટલો વ્યામોહ કેમ થઈ જતો હશે ? બૌધ્ધ ચિંતન નિરંતર અનિત્યનો સંદેશ આપે છે. સૃષ્ટિના સઘળા પદાર્થો સાથે સ્નેહ રાખવા છતાં પણ અનાસકિતનો ભાવ ઉત્પન્ન કરવાનો ભગવદ્ ગીતાનો સંદેશ સાંભળવા જેવો છે. પોતાના જ ટૂંકા વર્તુળમાં પોતાની વાહ વાહી જોઈને ફુલાઈને ફાળકો થતાં લોકોએ મકરંદી મીજાજથી પ્રગટેલા આ શબ્દો વાંચવા તથા સમજવા જેવા છે.

તારી દુનિયા દેખી ગાંડી
હવે મેલ્યને એમાં તાંડી.
મારી હોફિસ મારું કામ
મારો હોદ્દો મારું નામ.
એની ફૂટી જાણ બદામ
તું યે બેઠો છો શું માંડી ?
હવે મેલ્યને એમાં તાંડી.

વસંત પંચમીને ખોળામાં લઈને આવતા આ માસને સાંયોનારા કહીએ ત્યાંજ ફાગણના ફોરમતા દિવસો ધીમા પગલે પ્રવેશ કરતા દેખાય છે. ફાગણના રૂપરંગ પણ નિરાળા અને આગવા હોય છે. સ્નેહમાં ઘૂંટીને ધૂળેટીના પરસ્પર રંગ છાંટણા થાય તો તેના કેફમાંજ ધોમધખતા ઉનાળાની અડધી તકલીફો ઓછી થઈ શકે છે. આવો પ્રયોગ તો સૌએ જાતે કરીને જ તેની અનુભૂતિનો પ્રસાદ મેળવવો પડે. માનવ મનની આવી વિવિધતાને અનેક કવિઓએ પોતાની રચનાઓમાં ગાઈ છે. કવિ દ્રષ્ટા છે તેથી આરપાર જોવાની તેની અંતરસૂઝનો લાભ આપણને અનાયાસે મળી રહે છે. જેમના સર્જનોની ફોરમ ફટકેલી હોય તેવા ધન્યનામ કવિઓમાં ફાગણ મહીનાના સંદર્ભમાં કવિ દુલા ભાયા કાગનું નામ સહેજે સ્મૃતિમાં આવે તેવું છે. આ કવિએ જીવતરમાં રળિયામણી રંગોળી પૂરવાનું કરવાનું કામ કર્યું છે. 'બાવન ફૂલડાનો બાગ' આવનારી અનેક પેઢીઓ માટે સજાવીને કવિ ફાગણ સુદ - ચોથના દિવસે અનંતની યાત્રાએ ઉપડી ગયા. (૨૨ ફે?બ્રુઆરી-૧૯૭૭) પૂ. મોરારીબાપુની પ્રેરણા તથા ઉપસ્થિતિમાં તેમજ કાગ પરિવારના અંતરના ઉમળકાથી કાગધામ (મજાદર) ખાતે નિયમિત રીતે દર વર્ષે કવિ કાગની સ્મૃતીને જીવંત કરતો સુંદર કાર્યક્રમ યોજવામાં આવે છે જે હવે બધા સાહિત્ય તથા કાગ પ્રેમીઓ જાણે છે. બાપુની ઉપસ્થિતિમાંજ 'કાગના ફળિયે કાગની વાતું' ના મધુરા મંડાણ થાય છે. ભગતબાપુ(કવિકાગ)ની સ્મૃતિમાં પાંચ સાહિત્ય પ્રેમીઓને કાગ એવોર્ડનું અર્પણ પણ પૂ. મોરારીબાપુ તરફથી કરવામાં આવે છે. કાગના માળામાં કોયલનો ઉછેર કરનારા આ કસબી કવિના બાગની સૌરભ આ પ્રસંગે આસમાનને આંબી રહે છે.

ભાઈ ! તારો બહેકે ફૂલડાંનો બાગ જી....
બહેકે ફૂલડાંનો બાગ,
એનો પાણતિયો રૂડો રામ....
'કાગ' વાણીની વેલડીયુંને લાગે,
પ્રભુજળની પ્યાસ જી.
ખીલે શબદના ફૂલડાં ભાઈ, એમાં કરણીની સુવાસ...
ભાઈ ! તારો બહેકે ફૂલડાંનો બાગ જી....

કચ્છ - સૌરાષ્ટ્રની ધરતી એ વીરોની, સંતોની અને મુત્સદીઓની ધરા છે. સંતો તેમજ સંત સાહિત્યની એક સતત વહેતી વણઝાર આ પ્રદેશમાં જોવા મળે છે. ભજન કરવુ અને ભોજન કરાવવું એવા બે સૂત્રો જાણ આ સંતોના જીવનનો સાહજિક ભાગ બની ગયા છે. આવા અનેક ભકત, કવિઓમાં કવિ કાગનો સમાવેશ થાય છે. ભગતબાપુ (કવિ કાગ)ની રચનાઓમાં જીવનના અનેક રંગ તથા ભાવની અનુભૂતિ છે. પંડિત સુખલાલજીએ કહ્યું છે તેમ કવિ કાગની બળકટ રચનાઓના મૂળમાં તેમની અનુભૂતિનું સાંગોપાંગ દર્શન થાય છે. કેટલીક સહજ બાબતો પણ આ કવિની કલમે સરળતાથી રજૂ થઈ છે તથા વિચારનું ગૌરવ કર્યું છે. ખીલેલા ફૂલો આ હકીકત કવિના માધ્યમથી સુંદર રીતે કહે છે. ફૂલોને અમર થવાની તો ઠીક પરંતુ સંસારમાં સ્થાયી થવાની પણ લગીરે મહેચ્છા નથી. અલબત્ત, પોતાની મહેકથી જીવતર ઉજાળ્યું છે તેનો આનંદ છે. ભગતબાપુનું આવું પુષ્પવત જીવન હતું.

ફૂલડાં અમે આજ ખીલ્યા ને
આજ મહેક્યાં રે,
ફૂલડાં કાલે કોણે ભાળ્યું ?
ફૂલડાં અમે થોડું જીવીને મરી જાશું રે
ફૂલડાં ફોરમું મૂકતાં જાશું.
ફૂલડાં અમે તેલ-કડામાં તળાશું
તો ય ફૂલડાં ફોરમું મૂકતા જાશું.

જીવનમાં જયાં છીએ ત્યાંજ મહેકતા રહેવાની ખેવનાજ કદાચ માનવ જીવનને હર્યુભર્યુ બનાવે છે. ભગતબાપુના કર્મશીલ જીવનનો આ સંદેશ છે. કવિ કાગની સ્મૃતિમાં પૂ. મોરારીબાપુની પ્રેરણાથી દર વર્ષે યોજવામાં આવતા આ કાર્યક્રમમાં કવિની ચેતના મહોરી ઉઠે છે.

કવિ કાગની સ્મૃતિમાં આ વાર્ષિક આયામ મોરારીબાપુના બહુઆયામી વ્યક્તિત્વનો એક ભાતીગળ ભાગ છે. કવિની સ્મૃતિને તાજી કરીને જીવંત રાખવાનો આવો પ્રયાસ એ સ્વસ્થ સમાજની નીશાની છે. કવિનું સમાજ પર ઋણ છે. ઋણ સ્વીકાર માટે પણ આવા આયોજન મહત્વના બને છે. બાકી તો કવિ પિંગળશીભાઈ લીલાએ લખ્યું છે તેમ કવિ આમ પણ સમાજની સ્મૃતિમાં સ્થાયી સ્થાન પ્રાપ્ત કરે છે.

કવિ ઈશને આભમાંથી ઉતારે
કવિ સ્નેહીઓને હમેશા સંભારે
કવિનો કરું જોખ શા તોલ સામે
કવિ જન્મ લે છે ન તે મુત્યુ પામે.

૨૪-૨૫મી ફેબ્રુ.એ 'ભાષા, સાહિત્ય અને રાષ્ટ્રવાદ' વિષે આંતરરાષ્ટ્રીય પરિસંવાદ

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'
- muljibhaidadhi@gmail.com

● ગુજરાત સાહિત્ય અકાદમી અને એમ.એમ.ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કાલોલના સંયુક્ત ઉપક્રમે 'સાહિત્ય કૃતિનું વાચન અને ભાવનની ભૂમિકા' અંગેનો સાહિત્યિક કાર્યક્રમ યોજાઈ ગયો, જેના વક્તાઓ હતા પ્રવીણ દરજી, જૈમિની શાસ્ત્રી, હનીફ રાજા, રાજેન્દ્ર મકવાણા, દિનકર ટંડેલ, મણિલાલ હ. પટેલ, રાજેન્દ્ર વણકર, અને વિભા ઠાકર હતા. આ કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. કિશોર વ્યાસે કામગીરી બજાવી હતી.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને આર્ટ્સ કૉલેજ ફતેપુરાના સંયુક્ત ઉપક્રમે 'સાહિત્ય મેં નારીલેખન' વિષય પર એક પરિસંવાદ યોજાઈ ગયો, જેના વક્તાઓ હતા દયાશંકર ત્રિવેદી, બી. કે. કલાસવા, મણિલાલ હ. પટેલ અને સંજીવ ડુબે. આ કાર્યક્રમ તા. ૧૯-૧-૨૦૧૮ના રોજ સંપન્ન થયો જેના સંયોજક તરીકે ડૉ. ઈન્દુ ગઢવીએ કામગીરી બજાવી હતી.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, કઠલાલના સંયુક્ત ઉપક્રમે 'રાવજી પટેલનું સાહિત્ય સર્જન' એ વિષય પરના સંવાદનું આયોજન તા. ૨૦-૧-૨૦૧૮ના રોજ કઠલાલ ખાતે થયું હતું. જેના અધ્યક્ષ પદે અકાદમીના અધ્યક્ષ ડૉ. પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને મુખ્ય અતિથિ તરીકે ડૉ. ફકીરભાઈ જી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રાવજીના સાથી અને નવલકથાકાર મુકુન્દ પરીખ અને હસમુખ શાહ 'બેઝાર' સાસ્તાપુરી સારસ્વત વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. રાવજીના લઘુબંધુ રમણભાઈ પટેલ અને દીકરી અપેક્ષાબેન મહેન્દ્રભાઈની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ડૉ.મણીલાલ હ. પટેલે 'અંગતની કવિતા' આસ્વાદથી અભ્યાસ અને મૂલ્યાંકન 'વિશે અને ડૉ. યોગેન્દ્ર પારેખે' રાવજીની નવલકથાઓ વિષે શોધપત્રો રજૂ કર્યા હતા. સતીષ ડણાકે 'કૃષિકવિ રાવજી' અને ડૉ. કુમાર જૈમિની શાસ્ત્રીએ 'રાવજીની વાર્તાઓ અને પ્રકીર્ણ સાહિત્ય' પર ચર્ચા કરી હતી. હસમુખ શાહ દ્વારા સમાપન ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું.

● ગુજરા સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સરકારી વિનયન કૉલેજ, સાગબારાના સંયુક્ત ઉપક્રમે 'આદિવાસી સાહિત્ય સમાજ અને ઈતિહાસ' વિષયનો એક પરિસંવાદ તા. ૨૯.૦૧.૨૦૧૮ના રોજ યોજાઈ ગયો જેના સંયોજક તરીકેની ભૂમિકા જીતેન્દ્ર વસાવાએ બજાવી હતી.

● અમરેલી ખાતે કવિ હાર્દિક વ્યાસના કાવ્યસંગર્હ 'પિંડથી બ્રહ્માંડ' નો વિમોચન અને લોકાર્પણ કાર્યક્રમ છેલભાઈ વ્યાસ, કવિ હર્ષદ રાણાની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ પ્રસંગે ડૉ. અનિરુદ્ધસિંહ ગોહિલે હાર્દિક વ્યાસના કાવ્યસંગ્રહ વિશે અભ્યાસપૂર્ણ વકતવ્ય આપ્યું હતું. હાર્દિક વ્યાસને વર્ષ ૨૦૧૭નો 'કવિ રાવજી પટેલ યુવા પ્રતિભા એવોર્ડ આપવાનું જાહેર થયેલ છે.' આ પ્રસંગે ગુજરાતના જાણીતા યુવા કવિઓના કાવ્યપઠનનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

● ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ કડી કેમ્પસ, સે.૨૩, ગાંધીનગર ખાતે ગુર્જર ભારતી ગાંધીનગર દ્વારા હિન્દી - ગુજરાતી કવિઓની કાવ્યગોષ્ઠિનું આયોજન તા. ૩.૨.૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાવ્ય ગોષ્ઠિમાં હિન્દીના પ્રસિદ્ધ કવિ ડૉ. આલોક ગુપ્તા, સુલતાન અહમદ, પ્રમોદ તિવારી, ઈશ્વરસિંહ ચૌહાણ, અન્નરખાન પઠાણ, કુમાર મંગલમ્, સંતોષ અર્ષ, કવિ રત્નમ્ અને પૂર્ણિમા કુમારી તેમજ ગુજરાતના પ્રસિદ્ધ કવિ હરિકૃષ્ણ પાઠક, હર્ષદ ત્રિવેદી, બિન્દુ ભટ્ટ, દલપત ચૌહાણ, કિશોર જીકાદરાએ પોતાની રચનાઓનું સ્વમુખે પઠન કર્યું હતું.

● જૈન સમાજની ૧૧૨ વર્ષથી કાર્યરત એવી અખિલ ભારતીય સંસ્થા, 'ભારતીય જૈન મહામંડળ' દ્વારા જૈન ધર્મને ગૌરવાન્વિત કરનાર પ્રતિભાશાળી વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવે છે, જે અન્વયે સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, જૈન ધર્મ દર્શનની અને સમાજસેવા વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ઠ યોગદાન આપનાર અને માનવ મૂલ્યોની દશા અને દિશાનું ગરિમાપૂર્ણ લેખન કરનાર ડૉ. કુમારપાળ દેસાઈને 'આચાર્ય તુલસી સન્માન પુરસ્કાર' થી માનનીય ડૉ. ઓ.પી. કોહલી,ના વરદ્ હસ્તે આપવામાં આવ્યું હતું. ડૉ. કુમારપાળ દેસાઈએ સાહિત્ય સાથે પત્રકારત્વમાં પણ ઊંડું ખેડાણ કરેલુ છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૪૫-૨૫ ફેબ્રુઆરીના રોજ 'ભાષા, સાહિત્ય અને રાષ્ટ્રવાદ' વિષે આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે. જેના વક્તાઓ ભારત તેમજ વિશ્વના અન્ય દેશોમાંથી પધારશે. આ કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. હિંમત ભાલોડિયા અને ડૉ. અજયસિંહ ચૌહાણ ભૂમિકા બજાવશે.

● આપણા મૂર્ધન્ય કવિ આદરણીય નિરંજન ભગતનું તા. ૧-૨-૨૦૧૮ના રોજ અવસાન થયું છે. એમના અવસાનથી ગુજરાતી સૌંદર્ય રાગી કવિતાઓનો ઝળહળતો છેલ્લો તારક અસ્ત પામ્યો છે. સદ્‌ગત પુણ્યાત્માને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિસહ શ્રદ્ધાસુમન અર્પણ.

● ગાંધીનગર સાહિત